
# રાજ્યભરમાં મોદીના જન્મદિવસની ઉજવણી

## ક્યાંક ૬૪ કિલોની કેક કપાઈ તો ક્યાંક મહાઆરતીનો કાર્યક્રમ : વડાપ્રધાન, અડવાણી, લતા મંગેશકર સહિતના મહાનુભાવોએ નરેન્દ્ર મોદીને જન્મદિવસની શુભેચ્છા આપી : અજમેર શરીફમાં મુસ્લિમોએ ચાદર ચઢાવી

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાનના ઉમેદવાર નરેન્દ્ર મોદીના આજે ૬૪માં જન્મદિવસની માત્ર ગુજરાતમાં જ નહી પરંતુ દેશભરમાં ભાજપના કાર્યકરો તથા મોદીના સમર્થકો દ્વારા ભારે ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. દેશમાં કેટલાંક સ્થળોએ ભાજપના કાર્યકરો ૬૪ કિલોની કેક કાપી હતી તો મુસ્લિમ નાગરીકોએ પણ કેકની ખુરશી બનાવી મોદી પ્રત્યેનો આદર તથા સમર્થન જાહેર કર્યું હતું. અજમેર ખાતે મુસ્લિમ બિરાદરો દ્વારા ખ્વાજા ગરીબ નવાઝને ફૂલોની ચાદર ચઢાવી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બને તેવી દુઆ માંગવામાં આવી હતી. જ્યારે અમદાવાદના જગન્નાથ મંદિર ખાતે ભાજપના કાર્યકરો તથા આગેવાનો દ્વારા મહાઆરતી કરી નરેન્દ્ર મોદીની યશસ્વી કારકીર્દી, રક્ષા તથા તેઓ વડાપ્રધાન બને તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી. ગાંધીનગરના ટાઉન હોલમાં યોજાયેલ એક વિશેષ કાર્યક્રમમાં નરેન્દ્ર મોદીનું જાહેર અભિવાદન કરવામાં આવ્યું હતું તથા અનેક સંતમહંતો સહિત ધાર્મિક આગેવાનોએ મોદીને આર્શીવાદ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. નરેન્દ્ર મોદીના ૬૪માં જન્મદિન પ્રસંગે દેશના વડાપ્રધાન ડો. મનમોહન સિંગ, ભાજપના ટોચના નેતા અને ભૂતપૂર્વ નાયબ વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ રાજનાથસિંહ, અરૂણ જેટલી, લતા મંગેશકર, શિવરાજસિંહ ચૌહાણ, વૈંકેયા નાયડુ, ભાજપના વરિષ્ઠ પદાધિકારીઓ, દેશ-વિદેશમાં વસતા ભારતીય સમાજ તથા સંસ્થાના આગેવાનોએ પણ શુભેચ્છાઓ પાઠવી હતી. આજે વહેલી સવારથી જ સમાજના




વિવિધ વર્ગો આગેવાનો, વ્યક્તિ, વિશેષ, મહાનુભવો અને પ્રજાનો અવિરત પ્રવાહ મુખ્યમંત્રીને જન્મદિવસની શુભેચ્છા પાઠવવા ચાલુ રહ્યો હતો.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના ૬૪માં જન્મદિવસે જનતા જનાર્દનના વિવિધ વર્ગોમાંથી મળેલા આશીર્વાદ અંગે અંતઃકરણથી આભારની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે જનસામાન્યના આ આશીર્વાદ તેમની સેવા કરવાની શક્તિ, સમજ અને સામર્થ્યમાં સતત નવી ઉર્જા પુરી પાડે છે. જનતાના આ આશીર્વાદમાં તેમની જે આશા-આકાંશા સમાયેલી છે તે મૂર્તિમંત થશે એવો વિશ્વાસ નરેન્દ્ર મોદીએ વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રીએ આજે ૧૭મી સપ્ટેમ્બરે સમગ્ર દેશ વિશ્વકર્મા જયંતિ ઉજવી રહ્યો છે તેની શ્રમયોગી કારીગરો અને કુશળ-બિનકુશળ હુન્નર-કારીગરોને શુભેચ્છા પાઠવતા જણાવ્યું કે શ્રમ એવ જયતેનું આઓ પર્વ શ્રમયોગીની ગરિમા કરે છે. આ જ દિવસે સત્તરમી સપ્ટેમ્બર સરદાર વલ્લભભાઈ પટેલે હૈદરાબાદના નિઝામના પાકિસ્તાન સાથે હૈદરાબાદ જોડવાના મનસુબા નાકામિયાબ બનાવીને તત્કાલીન હૈદરાબાદ રાજ્યને ભારતનું અવિભાજ્ય અંગે બનાવ્યું હતું તેની સ્મૃતિ પણ નરેન્દ્ર મોદીએ આજે વ્યક્ત કરી હતી. દરમિયાન શહેર ભાજપ તરફથી મુખ્યમંત્રી જન્મદિન નિમિત્તે વિવિધ રચનાત્મક અને સમાજલક્ષી કાર્યક્રમો યોજાયા હતા. શહેરના તમામ વોર્ડમાં આવેલ આંગણવાડીઓમાં સ્થાનિક ધારાસભ્યો તથા કોર્પોરેટરોએ બાળકોને ખજુર, સીંગ તથા ગોળના પોષણયુક્ત લાડુ વહેંચ્યા હતા. આ ઉપરાંત ચોકલેટ, બિસ્કીટ અને રમકડાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે જગન્નાથ મંદિરે કરવામાં આવેલ મહાઆરતીમાં મેયર મિનાક્ષાબેન પટેલ, પ્રદેશ ઉપપ્રમુખ કૌશિક પટેલ, આઈ.કે. જાડેજા, શહેર પ્રમુખ રાકેશ શાહ સહિત સેંકડો કાર્યકરો ભાગ લીધો હતો.






(તસવીર : કશ્યપ નીમાવત)

ગણેશોત્સવ ભુવનેશ્વર સે. ૬ ખાતે મહાઆરતીમાં મધુરડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, શંકરસિંહ એન્જિ. કોલેજના ડાયરેક્ટર રવિકુમાર, 'મીસીસ ગાંધીનગર ટેલેન્ટ ઈવનીંગના વિજેતા કોમલ વ્યાસ, ધારાસભ્ય, ફતેપુરા રમેશભાઈ કટારા ઉપસ્થિત રહ્યા હતા. જાણીતા ભજનીક તપન મહેતા અને પ્રદીપભાઈ બારોટના ભજનોનો લાભ ધર્મપ્રેમી જનતાએ લીધો હતો. આ પ્રસંગે સ્ટે. કમીટી ચેરમેન આશિષ દવે ઉપસ્થિત રહ્યા હતા.

# અંબાજીમાં તીવ્ર પવન સાથે વરસાદ : મંડપના પતરા ઉડ્યા


અંબાજી, તા. ૧૭

પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે પદયાત્રીઓને ચાલવા માટે બનાવેલ મંડપના પતરા ઉડતા શોર્ટસર્કીટથી આગ લાગવા પામી હતી. જો કે આગ પર ફાયરબ્રિગેડે કાબુ મેળવી લેતા કોઈ જાનહાની થવા પામી નથી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે આજે તીવ્ર પવન ફુંકાવા સાથે વરસાદ થવા પામ્યો હતો. ભાદરવી પૂનમ ભરવા રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં પદયાત્રીઓ અંબાજી ખાતે પગપાળા આવી રહ્યા છે.

પદયાત્રીઓને ચાલવા માટે અંબાજી ખાતે મંડપ બાંધવામાં આવેલો છે. જો કે આજે તીવ્ર પવન ફુંકાવા સાથે વરસાદ થતાં પવનથી મંડપના પતરા ઉડતા શોર્ટસર્કીટ થવા પામ્યો હતો. જેના કારણે આગ લાગવા પામી હતી.

જો કે ફાયરબ્રિગેડે તુરત જ આગ પર કાબુ મેળવી લેતા કોઈજ જાનહાની થવા પામી નથી.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

# પદાયાત્રીઓ માટેના વિસામાઓએ કલીયગુમાં સતયુગના દર્શન કરાવ્યા

માં જગત જનની આદ્યશક્તિ જગદંબાની અસીમ કૃપા પ્રાપ્ત કરવા જન જન તેના દર્શનાર્થે ભારતભરમાંથી પગપાળા ભાદરવી પૂનમ સુધી શક્તિપીઠ અંબાજી તરફ પ્રયાણ કરે છે. પદયાત્રીઓ હેમખેમ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી તેની કૃપા મેળવે તેવા શુભ હેતુથી માર્ગમાં દરવર્ષે ઉભા કરાતાં વિસામા પણ માં જગદંબાની ભક્તિના મંદિર ગણાઈ રહ્યા છે. સેવાઓથી ખડેપગે રહેતા સંચાલક કાર્યકર્તાઓ પદયાત્રીઓની સેવા મેળવવા રીતસર કરગરતા નજરે પડે છે.

ગુજરાતમાં અરવલ્લીની ગિરિમાળાઓમાં આવેલી અંબાજી શક્તિપીઠનું ભાદરવી પૂનમના મહામેળા થકી અનેરું મહત્વ છે. ભાદરવા સુદ એકમથી આ મહામેળામાં પદયાત્રા થકી શ્રદ્ધાળુઓની સંખ્યામાં વધારો થઈ હાલ લાખોની જનમેદની અંબાજી ખાતે ઉમટી પડે છે. ભારતભરમાંથી માં જગદંબાની કૃપા મેળવવા માઈભક્તો પદયાત્રા સ્વરૂપે અંબાજી ખાતે પહોંચે છે. વિવિધ સંગઠનો, સંઘો અને શ્રદ્ધાળુઓ બોલમારી અંબે જયજય અંબેના જય ઘોષ સાથે અતિ ઉત્સાહ સાથએ માં જગ દંબામાં શ્રદ્ધા રાખી પગપાળા નીકળે છે. બસો, ત્રણસો કે તેથી વધારે કિલોમીટર પગપાળા નીકળી માં અંબાના દ્વારે પહોંચે છે.

પગપાળા શ્રદ્ધાળુઓને માર્ગમાં કોઈ જ તકલીફ ન પડે અને માં જગદંબાના દર્શન હેમખેમ પાર પડે તેવા શુભહેતુથી ગુજરાતના માર્ગો પર ઠેર ઠેર વિસામાનું આયોજન થાય છે. શ્રદ્ધાળુઓને વિનામૂલ્યે સેવા પૂરી પાડવાના હેતુમાં માં જગદંબાની ભક્તિ ભળી જતા આ વિસામા હાલ પગપાળા જતા પદયાત્રીઓ માટે મંદિર સમા બની ગયા છે. વિસામાએ પહોંચતા જ સંચાલક કાર્યકર્તાઓ દ્વારા પદયાત્રીઓને રીતસર કરગરી સેવાનો મોકો આપવા વિનંતી કરતા જોવા મળે છે. તો માઈભક્તો પદયાત્રીઓના પગદબાવતા નજરે પડી રહ્યા છે. વિસામાઓમાં થતી સેવાઓમાં ગાદલા, ઓશીકા, રજાઈ, સ્નાન, ચા-પાણી, નાસ્તો, ભોજનની વ્યવસ્થા, રાત્રી સુવાની વ્યવસ્થા, આઈસ્ક્રીમ, ઠંડાપાણી, દવા, ફળફાળદી ઈત્યાદી સેવાઓનો સમાવેશ થાય છે.

માં આદ્યશક્તિનો આ હળાહળ કળયુગમાં આ પ્રકારનો સાક્ષાત્કાર એક પરચા સમાન છે. સ્વાર્થીપણાના આ યુગમાં દૈવીશક્તિ ઉજાગર કરતા અંબાજી પદયાત્રા સમયના વિસામાની સેવા અને પદયાત્રીઓના દશ્યો ભારતભરમાં ઈતિહાસમાં સોનેરી શબ્દોમાં અંકિત થઈ જશે.




(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

ખેડબ્રહ્માના ગરીબ કલ્યાણ મેળામાં નવીન નિમણૂંક પામેલા ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી પી.એસ. પ્રજાપતિ વાડીલાલ પટેલના પ્રવચન દરમિયાન ઘસઘસાટ મીઠી નિંદર માણતા કેમેરામાં કેદ થઈ ગયા હતા.

# કલોલ ખાતે ૨૨મીએ સૈનિક સંમેલન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ દ્વારા ગાંધીનગર જિલ્લાના પૂર્વ સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓ તથા આશ્રીતોના સંમેલનનું આયોજન તા. ૨૨મી સપ્ટેમ્બર, ૨૦૧૩ના રોજ રોટરી કલબ હોલ, કલોલ ખાતે કરવામાં આવ્યું છે. આ સંમેલનના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ ઉપસથિત રેહશે. આ -સંગે રાજ્ય સૈનિક બોર્ડ, ગુજરાત રાજ્યના નિયામકશ્રી અને ગણ માન્ય અતિથીશ્રીઓ ઉપસથિત રહેનાર છે.

આ સંમેલનનું આયોજન કેન્દ્ર સરકાર, ગુજરાત રાજ્ય તથા રાજ્ય સૈનિક બોર્ડ તરફથી આપવામાં આવતી સહાય તેમજ અન્ય મહત્વની જાણકારી આપવાના ઉમદા આશયથી કરવામાં આવ્યું છે. આ -સંગે ઉપસથિત રહેનાર સૈનિકો/ દિવંગત સૈનિકોના ધર્મપત્નીઓને પોતાની હાજર બાબતે ફોન નંબર-૦૭૯-૨૬૮૫૧૩૮૨ ઉપર માહિતી આપવા જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદના અધિકારી શ્રી મેજર (નિવૃત) વિક્રમસિંહ જાડેજાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## મુખ્ય સચિવનું કાર્યાલય હવે બ્લોક નં. ૧ના પાંચમાં માળે કાર્યરત

મુખ્ય સચિવ શ્રી ડૉ. વરેશ સિંહા બ્લોક નં. ૧ના ત્રીજા માળે, નવા સચિવાલય ખાતેનું કાર્યાલય આજથી બ્લોક નં. ૧ના પાંચમાં માળે કાર્યરત થયું છે.

## ગાંધીનગર જિલ્લા પંચાયત ચોથા વર્ગ કર્મચારી મંડળના હોદ્દેદારો વરાયા

ગાંધીનગર જિલ્લા પંચાયત ચોથા વર્ગ કર્મચારી મંડળની એક અગત્યની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. જેમાં સર્વ સંમતિથી નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેને સર્વેએ સ્વીકારી અભિનંદન પાઠવ્યા હતા.

આ બેઠકમાં ગાંધીનગર જિલ્લા પંચાયત ચોથા વર્ગ કર્મચારી મંડળના પ્રમુખ તરીકે રણવિરસિંહ બિહોલા, ઉપપ્રમુખ તરીકે દાનુભાઈ પરમાર, મંત્રી તરીકે બળદેવભાઈ પરમાર, ખજાનચી તરીકે દિનેશભાઈ યોગી, સહતંત્રી તરીકે રવિ પટ્ટણી અને મધુબેન ઠાકોર, ઓડિટર તરીકે હિંમતજી મકવાણા જ્યારે કારોબારી સભ્ય તરીકે આર.એસ. પારેખ, વી.કે. દવે, પ્રહલાદજી ઠાકોર, એસ.વાય. મન્સુરી, એન.વી. ત્રિવેદી અને સજનબેન ઠાકોરની વરણી કરવામાં આવી હતી. જેને સર્વે સભ્યોએ આવકારી અને અભિનંદન પાઠવ્યા હતા.

## બે ટકાનો ઘટાડો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ક્રેડિટ ડિપોઝીટ રેસિયો સામાન્યતઃ તંદુરસ્ત અર્થતંત્રમાં ૬૦ ટકા જેટલો રહેવો જોઈએ પરંતુ જિલ્લામાં તે ૪૨ ટકા જેટલો જ થવા પામ્યો છે. આજની સમીક્ષા બેઠકમાં સૌથી વધુ ચોંકાવનારી હકીકત બહાર આવવા પામી છે તેમાં ખાનગી અને વાણિજ્ય ક્ષેત્રની બેંકો કરતાં સહકારી બેંકોનો ક્રેડિટ ડિપોઝીટ રેસિયો સૌથી ઊંચો જણાયો છે.

પ્રાથમિક ધિરાણ માત્ર ૩૭ ટકા થવા પામ્યુ છે. બેંકો દ્વારા ક્રેડિટ પ્લાનમાં આ ધિરાણ ૪૦ ટકા જેટલુ લક્ષ્યાંક નિયત કરાયું હતું. આમ નિયત લક્ષ્યાંક કરતાં પણ ૩ ટકા ઓછુ ધિરાણ થવા પામ્યું છે. સરકારની સહાય યોજનાઓ બાજપાઈ બેંકેબલ યોજના, મહિલા-બાળ વિકાસની યોજનાઓ, અનુ. જાતિ અને અનુ. જનજાતિની યોજનાઓમાં ધિરાણની નબળી કામગીરી જોઈ આજે જિલ્લાતંત્ર ચોંકી ઉઠ્યુ હતુ. અધિક નિવાસી કલેક્ટર ડૉ. મોડિયાએ આ અંગે સખ્ત નારાજગી વ્યક્ત કરી જણાવ્યુ હતુ કે નકારાત્મક વલણ છોડી બેંકોએ અરજીઓના નિકાલ માટેની કાર્યવાહી ઝડપી બનાવવી જ રહી. સ્વરોજગારની યોજનાઓને પ્રોત્સાહિત કરવી જરૂરી છે. ડૉ. મોડિયાએ સખી મંડળોને અપાયેલા બેંક લિંકેજની ધીમી કામગીરી સામે પણ નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લામાં ૨૦૦૦ થી વધુની વસ્તી ધરાવતા ગ્રામ્ય વિસ્તારોમાં બેંકો શરૂ કરવાની કામગીરી જે ધીમી ગતિએ ચાલી રહી છે તે સામે તેમણે કડક વલણ અખત્યાર કરતાં જણાવ્યું હતું કે આ નબળી કામગીરીની સીધી અસર ફાઈનાન્સીયલ ઈન્કઝુનના કાર્યક્રમ પર પડી રહી છે. ડીબીટી યોજનાના અમલ તરફ આગળ વધવામાં આ ધીમી ગતી અંતરાય બની શકે તેમ હોવાથી તાત્કાલિક બિઝનેશ કોર્ડીનેટર્સની નિમણુંક કરી શાખાઓ કાર્યરત થાય તેવો આગ્રહ તેમણે રાખ્યો હતો.

જિલ્લામાં બેંકોની શાખાઓ ૩૪ વધી છે જે જિલ્લાના વિસ્તારને ધ્યાને લેતાં ઓછી કહી શકાય આ ઉપરાંત ફાર્મસ કલબ, નવા ખાતા ખોલવાના કામો ઝડપી બનાવવા માટે પણ આગ્રહ કર્યો હતો. ડૉ. મોડિયાએ ક્રેડિટ પ્લાનમાં નિયત થયેલા લક્ષ્યાંક સામે માત્ર ૨૯ ટકા જ કામગીરીને લઈ બેંકોને વધુ લોકાભિમુખ બની કામગીરી સુધારણા પર ભાર મુક્યો હતો.

બેઠકમાં દેનાબેંકના રિજીયોનલ મેનેજર શ્રી આર.શાહ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજરશ્રી, બેંક ઓફ બરોડા સહિત લીડ બેંક મેનેજરશ્રી અનિલ પુરોહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સુરક્ષામાં વધારો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એસપીજીનું સુરક્ષા કવચ હોય છે. એસપીજી પીએમ ઉપરાંત કોંગ્રેસના અધ્યક્ષા સોનિયા ગાંધી અને કોંગ્રેસના જનરલ સેક્રેટરી રાહુલ ગાંધીને એસપીજી સલામતી વ્યવસ્થા આપવામાં આવી છે. ઝેડ પ્લસ સુરક્ષામાં જવાનો રાઉન્ડ ધ ક્લોક ફરજ બજાવતા હોય છે જેમાં ૧૮ એનએસજી કમાન્ડો અને ૧૨ કોબ્રા કમાન્ડો ઉપરાંત પાયલોટ અને વ્હિકલ હોય છે.

ઝેડ પ્લસ સિક્યોરિટીમાં વિખ્યાત ક્રિકેટર સચીન તેંડુલકર, ઉત્તર-દેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ, તેમના પિતા મુલાયમસિંહ યાદવ, માયાવતી, જયલલીથા, ગુલામ નબી આઝાદ, ફારૂક અબ્દુલ્લા, રાજનાથસિંહ, કલ્યાણસિંહ અને -કાશસિંહ બાદલ જેવા વીઆઈપી નેતાઓનો સમાવેશ થાય છે.


એનએસજી પાસે સ્પેશ્યલ એક્શન ગ્રુપ અને સ્પેશ્યલ રેન્જર્સ ગ્રુપ છે. ગુજરાત પોલીસના સૂત્રોએ જણાવ્યું છે કે મોદી પાસે આ નવી સલામતી વ્યવસ્થા પૂર્વે એક એસપી, ચાર ડીવાયએસપી, નવ પીઆઈ, આઠ પીએસઆઈ ઉપરાંત ૧૫૮ મળી કુલ ૧૮૦નો કાફલો રહ્યો છે. કેન્દ્રીય ગૃહ મંત્રાલયના આદેશ પછી એનએસજી કમાન્ડોમાં વધારો કરવામાં આવ્યો છે જેની સંખ્યા ૩૬ થવા જાય છે.

## એજન્ટનું અપહરણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ફ્ન્ટી ગાડી લઈને એજન્ટના ઘરે સે. ૬ પહોંચી ગયા હતા અને ગાડીમાં ઉઠાવી એજન્ટની પત્નિને ધમકી આપી હતી કે રૂપિયા આપીને લઈ જજો. પોલીસને આ અપહરણની જાણ થતાં ઈડર પહોંચી ગઈ હતી અને સે. ૭ પી.આઈ. જે.એમ. ભરવાડ, પી.એસ.આઈ. એ.જી. રાઠોડ, પો.કો. વિજયભાઈ, યજવેન્દ્રસિંહ સહિતની ટીમ ઈડરથી ત્રણેય અપહરણકારોને ઉઠાવી લાવી હતી. ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

## શબ્દાવલી - ૫૧૭૯



### આડી ચાવી

૧. સરસ નસીબ વાળુ, નસીબદાર (૫)
૫. સાર, ભાવાર્થ, ભાવ (૨)
૬. શંકા, વહેમ (૨)
૭. તાલીમ લેનાર વિદ્યાર્થી (૪)
૯. વહાણ, હોડી નાવડી (૨)
૧૧. લીપણ (૨)
૧૨. કઠણ, તેજ (૩)
૧૪. અનાજ ભરવાની કોઠી (૩)
૧૫. માળીને હિન્દીમાં... પણ કહેવાય (૨)
૧૬. બાળવાર્તામાં આવતું કાલ્પનિક પાત્ર (૨)
૧૮. પિયર, માવતર (૪)
૧૯. ફરિયાદ (૨)
૨૦. અવિરત, અટકે નહિ તેવું (૩)
૨૧. દરિયો, સમુદ્ર (૪)

### ઊભી ચાવી

૧. સુગંધીદાર (૫)
૨. ... નો ભાર જેમ શ્વાસ તાણે (૩)
૩. કોલ્ડ સ્ટોરેજ (૪)
૪. દેવને ધરાવતો ભોગ (૨)
૫. નનામી (૨)
૮. શરદપૂનમને... પૂનમ પણ કહેવાય (૩)
૧૦. વહાણનું તુતક (૨)
૧૧. બે ધ્યાનાવસ્થા (૫)
૧૩. ભય, બીક (૨)
૧૪. દેવ-દેવીનો ક્રોધ (૨)
૧૫. ... ગાર, હોવું, જાણ હોવી (૩)
૧૭. લંકેશ, મંદોદરીના પતિ (૩)
૧૮. ખુબ મોટું તોતિંગ, મોટું... (૨)
૧૯. સીતાપતિ શ્રી... (૨)

### શબ્દાવલી ૫૧૭૮ના જવાબ

**આડી ચાવી :-** (૧) વારાફરતી (૩) વાઘ (૬) ડિઝલ (૮) ધોકાપાક (૯) પપકોન (૧૧) કાસળ (૧૨) અલિ (૧૩) વાવણી (૧૪) પાષાણ (૧૫) વડ (૧૬) ખતા (૧૭) નખી (૧૯) કાગળ (૨૦) મલી

**ઊભી ચાવી :-** (૧) વાતોડીયું (૨) રજ (૪) ઘરાક (૫) મકાન (૭) લપસણી (૮) ધોકો (૧૦) પળ (૧૧) કાવડ (૧૨) અણનમ (૧૭) વાવડ (૧૪) પાતાળ (૧૬) ખગ (૧૮) ખીલી

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ




શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.